શ્રદ્ધાના દિવડાને જલતો તું રાખજે, નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે, મનને મંદિર જોજે અંધકાર થાય ના...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૩૩ | ૨૨ જુલાઈ, ૨૦૨૦, બુધવાર; શ્રાવણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૦૨૬ |
| અમદાવાદ | ૧૯૯ |
| ગાંધીનગર | ૩૧ |

# આ વર્ષે અમરનાથ યાત્રા રદ

## પવિત્ર ગુફાના દર્શન નહી થાય : કોરોના મહામારીએ શ્રધ્ધાળુઓને નિરાશ કર્યા : શ્રાઈન બોર્ડે યાત્રા યોજવાનો નિર્ણય પાછો ખેંચ્યો



જમ્મુ, તા. ૨૧

કોરોના વાયરસના ચેપને કારણે વિશ્વ વિખ્યાત અમરનાથ યાત્રા ૨૦૨૦ રદ કરવામાં આવી હતી. જોકે, હવે સુધી એવી સંભાવના વ્યક્ત કરાઈ રહી હતી કે આ વર્ષે આ યાત્રા ૨૧ જુલાઈથી શરૂ થશે અને ૩ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. દરમિયાન શુક્રવારે યાત્રા માટે 'પ્રથમ પૂજા' પણ યોજવામાં આવી હતી. એવામાં અચાનક જ અમરનાથજી શ્રાઈન બોર્ડ (એસએએસબી) ના અધિકારીઓએ આ યાત્રા રદ કરવાની જાહેરાત કરી હતી. ભગવાન ભોલેનાથ ૨૦૨૦ ની પવિત્ર અમરનાથ યાત્રા દર વર્ષે જૂન મહિનામાં શરૂ થતી હતી. આ પહેલાં એપ્રિલ મહિનાની શરૂઆતમાં પણ અમરનાથ શ્રાઈન બોર્ડે પવિત્ર ગુફાની યાત્રા રદ કરવાનું કહ્યું હતું. આ અંગે એક અખબારી યાદી પણ બહાર પાડવામાં આવી હતી. જો કે, તેના થોડા સમય પછી જમ્મુ-કાશ્મીર ઈન્ફર્મેશન ડિરેક્ટોરેટે રદ કરવાનો આદેશ પાછો ખેંચી લીધો હતો. અમરનાથ હિન્દુઓનું એક મુખ્ય તીર્થસ્થાન છે. દર વર્ષે જૂન મહિનામાં અમરનાથ શ્રાઈન બોર્ડ અમરનાથ યાત્રાનું આયોજન કરે છે. અમરનાથ યાત્રા માટેની નોંધણી પ્રક્રિયા દર વર્ષે એપ્રિલના પહેલા અઠવાડિયાથી શરૂ થાય છે, જોકે આ વખતે કોરોના રોગચાળાને કારણે પ્રક્રિયા શરૂ થઈ શકી નહતી. ૨૦૦૦માં,

● અનુસંધાન પાન-૭ પર

# ભારત ચાબહાર પ્રોજેક્ટનો હિસ્સો છે અને રહેશે : ઈરાન

તેહરાન,તા.૨૧

ઈરાનએ ચાબહાર રેલ પરિયોજનાથી ભારતને બહાર કરવાનો કે પછી ચીનની સાથે ડિલ થવા બાદ ભારત સાથે છેડો ફાડ્યો હોવાના તમામ અહેવાલોને અફવા અને કાવતરું ગણાવ્યું છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે ભારત સૌથી નિકટતમ સહયોગી પૈકીનું એક છે અને તે હંમેશા ચાબહાર પરિયોજનાનો હિસ્સો રહેશે. ઈરાને કહ્યું કે એક ભારતીય અખબારે ચાબહાર ડીલની શરતોને વાંચ્યા વગર અહેવાલ પ્રકાશિત કર્યો, જેનાથી આ અસમંજસની સ્થિતિ ઊભી થઈ. ચાબહાર રેલ પરિયોજનામાં ભારતની જે ભૂમિકા હતી, તે પહેલાની જેમ જ બરકરાર છે. ઈરાનના પોર્ટ એન્ડ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશનના ફરહદ મોંતાજિરે કહ્યું કે, આ દાવો સમગ્રપણે ખોટો છે. તેઓએ જણાવ્યું કે, ચાબહારમાં રોકાણ માટે ઈરાને ભારતની સાથે માત્ર બે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે.

### ભારતીય અખબારે ચાબહાર ડીલની શરતોને વાંચ્યા વગર અહેવાલ પ્રકાશિત કર્યો

એક પોર્ટની મશીનરી અને ઉપકરણો માટે અને બીજી ભારતના ૧૫૦ મિલિયન ડૉલરના રોકાણને લઈને છે.

કુલ મળીને તેઓએ સ્પષ્ટ કર્યું છે કે ચાબહારમાં ઈરાન-ભારતના સહયોગ પર કોઈ પ્રકારના પ્રતિબંધ નથી લગાવવામાં આવ્યા. નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા એવા

● અનુસંધાન પાન-૭ પર



# મધ્ય પ્રદેશના રાજ્યપાલ લાલજી ટંડનનું લાંબી માંદગી બાદ નિધન

## ટંડનને ૧૧મી જૂને શ્વાસ લેવામાં તકલીફ, તાવ, યૂરિનમાં તકલીફના કારણે મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા : ગવર્નર લાલજી ટંડન ૮૫ વર્ષના હતા

નવી દિલ્હી, તા. ૨૧

લાલજી ટંડનને કિડની અને લિવરમાં તકલીફ થયા બાદ દોઢ મહિના પહેલા મેદાંતા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે આજ રોજ તેમનું હોસ્પિટલમાં નિધન થયું છે. તેઓ ૮૫ વર્ષના હતા. ઉત્તર પ્રદેશ સરકારમાં કેબિનેટ મંત્રી અને દીકરા આશુતોષ ટંડને ટ્વિટ કરીને તેની જાણકારી આપી. લાલજી ટંડનની મેદાંતા હૉસ્પિટલમાં છેલ્લા દોઢ મહિનાથી સારવાર ચાલી રહી હતી. લાલજી ટંડનને કિડની અને લિવરમાં તકલીફ થયા બાદ દાખલ કરવામાં આવ્યા હતા. લાલજી ટંડનને ૧૧ જૂને શ્વાસ લેવામાં તકલીફ, તાવ અને યૂરિનમાં તકલીફના કારણે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ટંડનની તબિયત ખરાબ હોવાના કારણે ઉત્તર પ્રદેશની રાજ્યપાલ આનંદીબેન પટેલને મધ્ય પ્રદેશનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે. મૂળે, ઉત્તર પ્રદેશના રાજકારણમાં સક્રિય રહેનારા લાલજી ટંડનની બીજેપી સરકારોમાં એનક વાર મંત્રી પણ રહ્યા છે અને અટલ બિહારી વાજપેયીના સહયોગીના રૂપમાં જાણીતા હતા. તેઓએ વાજપેયીના મત વિસ્તાર લખનઉની કમાન



સંભાળી હતી. લાલજી ટંડનને ૨૦૧૮માં બિહારના ગવર્નર તરીકે નિમવામાં આવ્યા હતા. ત્યારબાદ ૨૦૧૯માં તેમને મધ્ય પ્રદેશના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. લખનઉમાં લાલજી ટંડનની લોકપ્રિયતા સમાજના દરેક સમુદાયમાં હતી. તેઓ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાયીના ખૂબ જ નિકટતમ અને અગત્યના સહયોગી પણ હતા.

## છેલ્લે... છેલ્લે...

- ઝારખંડમાં માતા બાદ એક પછી એક ૫ પુત્રોના પણ કોરોનાથી મૃત્યુ
- એન-૯૫ માસ્ક કોરોનાનો ફેલાવો રોકવામાં અસફળ, સરકારે રાજ્યોને પત્ર લખ્યો
- કર્ણાટક અને બંગાળે હવે લોકડાઉન નહીં લંબાવવા કરી જાહેરાત.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૪૯૨૯૬૯૩ | ૬૧૫૧૦૧ | ૮૬૨૩૪૯૧ |
| ભારત | ૧૧૮૮૮૯૨ | ૨૮૭૪૩ | ૭૪૮૩૭૩ |
| ગુજરાત | ૫૦૪૬૫ | ૨૨૦૧ | ૩૬૪૦૩ |
| ગાંધીનગર | ૧૨૬૭ | ૬૯ | ૮૨૯ |

# કોરોના મહાસંકટ : નવા ૩૭,૧૪૮ કેસ નોંધાયા, વધુ ૫૮૭નાં મોત

ન્યુ દિલ્હી,તા.૨૧

સમગ્ર દેશમાં અનલોક-૨ના ૨૦ દિવસે રવિવાર કરતાં ઓછા એટલે કે ૩૭,૧૪૮ કેસો નોંધાયા હતા. રવિવારે ૪૦ હજાર કરતાં વધારે કેસો સામે આવ્યાં હતા. તેથી તેની સરખામણીએ ગઈકાલે સોમવારે ઓછા કેસો નોંધાતા સત્તાવાળાઓને કંઈક રાહત મળી છે. જો કે આ જ સમયગાળામાં વધુ ૫૮૭ના મોત થયા છે. આજે મંગળવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના આંકડા જાહેર કરવામાં આવ્યાં હતા. જેમાં કેસો ૪૦ હજારની નીચે પણ ૩૫ હજારની ઉપર રહ્યાં છે. સૌથી વધુ કેસો મહારાષ્ટ્રમાંથી સામે આવ્યાં છે. આ સાથે જુ હવે ભારતમાં કુલ કેસો ૧૧,૫૫,૧૯૧ પર પહોંચી ગયો છે. સારવાર હેઠળના કેસોની સંખ્યા ૪ લાખથી ઉપર ૪,૦૨,૫૨૯ થઈ છે અને સાજા થનારાઓની સંખ્યા ૭ લાખથી ઉપર ૭,૨૪,૫૭૮ થઈ છે. કેસો વધતાં કેટલાક શહેરોમાં આંશિક લોકડાઉન ચાલી રહ્યો છે.

### રવિવારે નોંધાયેલા ૪૦ હજાર કેસો કરતાં કંઇક રાહત મળી

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૫૮૭ લોકોના મોત થયા છે અને ૩૭,૧૪૮ નવા કોવિડ-૧૯ કેસ નોંધાયા છે.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૧,૫૫,૧૯૧ પર પહોંચી છે અને ૨૮,૦૮૪ લોકોના મોત થયા છે. ૭,૨૪,૫૭૮ લોકો સાજા થઈ ગયા છે અને ૪,૦૨,૫૨૯ એક્ટિવ કેસ છે.

# ઓક્સફોર્ડમાં બનેલી કોરોનાની વેક્સીનનું ભારતમાં ટ્રાયલ થશે

ન્યુ દિલ્હી,તા.૨૧

દેશમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યાંડ ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં તૈયાર કોરોનાની વેક્સીનનું ટ્રાયલ ભારમાં શરૂ થશે. લાયસન્ય મળ્યા બાદ આ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. બ્રિટનમાં વૈજ્ઞાનિકોની સાથે ભાગીદારી કરનારી ભારતીય કંપનીએ આ જાણકારી આપી છે.

લૈંસેટ મેડિકલ જનરલમાં પ્રકાશિત ટ્રાયલના પરિણામો મુજબ, ક્લીનિકલ ટ્રાયલના પહેલા તબક્કામાં એઝેડડી૧૨૨૨ વેક્સીનના પરિણામ હકારાત્મક રહ્યા છે. વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે, આનાથી કોઈ ગંભીર આડઅસર થતી નથી. જો કે કેટલાક સાઈડ ઈફેક્ટસ છે જેમને પૈરાસેટામોલ દ્વારા દૂર કરી શકાય છે.

દુનિયાની સૌથી મોટી વેક્સીન નિર્માતા કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના પ્રમુખ અદર પૂનાવાલે જણાવ્યું કે, ટ્રાયલના ખૂબ જ હકારાત્મક પરિણામ મળ્યા છે અને તેનાથી અમે ખુશ છીએ. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા જ ઓક્સફોર્ડના વૈજ્ઞાનિકોની સાથે કરાર કરી રહી છે. તેમણે જણાવ્યું કે, અમે ટ્રાયલ માટે લાયસન્ય હાંસેલ કરવા માટે એક અઠવાડિયાની અંદર ભારતીય સરકારને અરજી કરીશું. મંજૂરી મળતાની સાથે અમે ભારતમાં વેક્સીનનું ટ્રાયલ કરી દઈશું.

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP
ADMISSIONS OPEN 2020-21
School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD
School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector
School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology
Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan
School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.
SWARRNIM EASY FEE 0% Interest Education Loan
Scan to Apply Online ▶▶
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970
100% Placement in Last 3 Years

